# વડાપ્રધાનના અધ્યક્ષ સ્થાને સાયન્સ સિટી ખાતે વાઈબ્રન્ટ ગુજરાતના 20 વર્ષની ઉજવણી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની ૨૦ વર્ષની ઉજવણી પ્રસંગે અમદાવાદમાં આયોજિત સમિટ ઓફ સક્સેસને સંબોધિત કરતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, બે દાયકા પહેલા વાવેલું નાનકડું બીજ આજે વિશાળ અને વાઈબ્રન્ટ વટવૃક્ષ બની ગયું છે. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ વન ટાઈમ ઈવેન્ટમાંથી ઈન્સ્ટિટ્યૂશન બની ગઈ છે. દરેક વખતે આ સમિટ સફળતાની નવી ઉંચાઈઓ પ્રાપ્ત કરી રહી છે, તેમ તેમણે ઉમેર્યું હતું. વડાપ્રધાનએ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની સફળતાનો મંત્ર સમજાવતાં કહ્યું કે, આઈડિયા, ઈમેજીનેશન અને ઈમ્પ્લીમેન્ટેશન જેવા કોર એલીમેન્ટ વાઈબ્રન્ટ સમિટની સફળતામાં સામેલ છે. તેમણે કહ્યું કે, યોગ્ય નિર્ણય પ્રક્રિયા અને ફોકસ્ડ એપ્રોચથી કેવા બદલાવ આવી શકે તે વાઈબ્રન્ટ સમિટના માધ્યમથી ગુજરાતે વિશ્વને બતાવ્યું છે. વાઈબ્રન્ટ સમિટ ગુજરાતીઓની ક્ષમતા અને વિવિધ સેક્ટર્સમાં રહેલી સંભાવનાઓને વિશ્વ સમક્ષ મુકવાનું એક માધ્યમ બની છે. દેશના ટેલેન્ટનો વિશ્વને પરિચય આપવાનું અને ગુજરાતની દિવ્યતા, ભવ્યતા અને સાંસ્કૃતિક વિરાસતને ઉજાગર કરવાનું માધ્યમ આ વાઈબ્રન્ટ સમિટ બની છે. વડાપ્રધાનએ સ્વામી વિવેકાનંદને યાદ કરતા કહ્યું કે, સારા કાર્યને ઉપહાસ, વિરોધ અને ત્યાર પછી સ્વીકાર એમ ત્રણ તબક્કાઓમાંથી પસાર થવું પડે છે. વાઈબ્રન્ટ સમિટની પરંપરા શરૂ કરી ત્યારે કહેવાતું કે આ તો માત્ર બ્રાન્ડિંગ ઈવેન્ટ છે. પરંતુ દુનિયા સમક્ષ વાઈબ્રન્ટ સમિટની સફળતાએ સાબિત કરી દીધુ કે આ બ્રાન્ડિંગ નહીં પણ બોન્ડીંગ માટેની ઈવેન્ટ છે. ગુજરાતના સાત કરોડ નાગરિકના સામર્થ્ય અને સ્નેહથી પાછલા ૨૦ વર્ષમાં વાઈબ્રન્ટ સમિટની દરેક શૃંખલા સફળ બની રહી છે. વડાપ્રધાનએ વાઈબ્રન્ટ સમિટની બે દાયકાની સફળતાનો ચિતાર આપતા કહ્યું કે, ૨૦૦૩માં અમુક સેંકડો પાર્ટીસિપન્ટસ આવ્યા હતા અને હવે ૪૦ હજારથી વધુ પાર્ટીસિપન્ટસ આ સમિટમાં જોડાય છે. ૨૦૦૩માં જૂજ દેશો ભાગીદાર બન્યા હતા જ્યારે હવે ૧૩૫થી વધુ દેશ વાઈબ્રન્ટ સમિટમાં ભાગ લેવા આવે છે. ૨૦૦૩માં ૩૦ની આસપાસ એક્ઝિબિટર્સ જોડાયા હતા.

# શ્રી રાષ્ટ્રીય ક્ષત્રિય મહાસંઘ રજીસ્ટર ભારતની ગુજરાત પ્રદેશમાં પ્રથમ બેઠક યોજાઇ

વિશાલ જે હરવરા : જામનગર.

શ્રી રાષ્ટ્રીય ક્ષત્રિય મહાસંઘ રજીસ્ટર ભારત ની ગુજરાત પ્રદેશ ની પ્રથમ બેઠક ગોધાવી મુકામે વનશ્રી ફાર્મ ખાતે અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકામાં સંપન્ન થઈ હતી જેમાં મુખ્ય અતિથિ તરીકે પધારેલ સાણંદ સ્ટેટ નેકનામદાર મહારાજ ઠાકોર સાહેબશ્રી ધૃવરાજસિંહજી વાઘેલા બાપુશ્રી,દેકાવાડા ના સંતશ્રી પ્રખર ગૌભકત ગૌકથાકાર આદરણીય સંતશ્રી કાલિદાસજી મહારાજ,શ્રી રાષ્ટ્રીય ક્ષત્રિય મહાસંઘ ગુજરાત પ્રદેશ કાર્યકારી અધ્યક્ષ શ્રી પ્રહલાદસિંહ કે ખેંગાર એડવોકેટ શ્રી, સંઘ-ના પ્રદેશ યુવા અધ્યક્ષશ્રી યુવરાજ કૃષ્ણરાજ સિંહ જી ચુડાસમા બાપુશ્રી ગાંફ સ્ટેટ, પ્રદેશ ક્ષત્રાણી વીન્ગ અધ્યક્ષા શ્રીમતી નિતાબા ભુપેન્દ્રસિંહ રાણા, પ્રદેશ સંગઠન મંત્રી શ્રી પૃથ્વીસિંહ બી ઝાલા, પ્રદેશ મંત્રી શ્રી રાજભા ઝાલા વકિલ, પ્રદેશ મિડીયા પ્રભારી શ્રી પ્રદિપસિંહ જી રાઠૌર, તથા પ્રદેશ માં થી 30 ગામો મા થી 100 થઈ વધારે ક્ષત્રિય મહાસંઘ સંસ્થા ના જવાબદારો સક્રિય સદસ્યો બહેનબાઓ અને ક્ષત્રિય સમાજના શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા. સાણંદ સ્ટેટ નેકનામદાર મહારાજ ઠાકોર સાહેબશ્રી ધૃવરાજસિંહજી વાઘેલા બાપુશ્રી એ સમાજ ને જરુરીયાત ના કોઈ પણ સમયે પોતાનું યોગદાન મડતુ રહેશે તેવી લાગણી વ્યક્ત કરી હતી.મહિલા પ્રદેશ અધ્યક્ષા શ્રીમતી નિતાબા રાણા એ દહેજ પ્રથા બંધ કરવી જોઈએ દિકરીબાઓને અભ્યાસ કરાવવામાં પરિવારો મદદરૂપ થાય અને સમાજમાં રહેલા કુરિવાજો સ્ત્રીઓ ઉપર થતા અત્યાચારના કિસ્સાઓમાં મહિલા વિભાગ દરેક સ્થળે બહેનો ની સાથે છે તેવી લાગણી વ્યક્ત કરી હતી.પ્રદેશ યુવા અધ્યક્ષશ્રી યુવરાજ કૃષ્ણરાજ સિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે ક્ષત્રિય પરિવારો સંગઠીત થઈ ને રહે શિક્ષણ કાર્ય માં આંગળ આવે, પ્રદેશ કાર્યકારી અધ્યક્ષ શ્રી પ્રહલાદસિંહ કે ખેંગાર એડવોકેટ એ જણાવેલ કે સમાજ સંગઠીત થઈ ને એક બીજા ને મદદરૂપ થાય. પ્રદેશ મિડીયા પ્રભારી શ્રી પ્રદિપસિંહ જી રાઠૌર ઉપસ્થિત સહુ ને સંગઠન મજબુત બનાવવા અપીલ કરી અને ગુજરાત પ્રદેશ માં સંઘની શક્તિ બતાવવા અપીલ કરી હતી.

# આર્કેડ ડેવલપર્સ લિમિટેડે કોપર રોલર્સ પ્રાઈવેટ લિમિટેડ પાસેથી ભાંડુપ વેસ્ટ ખાતે 103.88 કરોડની કુલ વેલ્યૂ પર 3 એકરનું લેન્ડ પાર્સલ એક્વાયર કર્યું

મુંબઈ, તા.27

આર્કેડ ડેવલપર્સ લિમિટેડ (જે અગાઉ આર્કેડ ડેવલપર્સ પ્રા. લિમિટેડ તરીકે ઓળખાતી હતી) (આર્કેડ) એ ભાંડુપ વેસ્ટના સબર્બમાં કોપર રોલર્સ પ્રાઈવેટ પાસેથી 3 એકરના ઈન્ડસ્ટ્રીયલ પ્લોટનું એક્વિઝિશન પૂર્ણ કર્યું છે. અમે 26મી સપ્ટેમ્બર 2023ના રોજ વિખરોલી ખાતે થયેલા કન્વેયન્સ ડીડના રજિસ્ટ્રેશનના દસ્તાવેજનો અભ્યાસ કર્યો છે. સોદાની સંયુક્ત કિંમત રૂ. 103.88 કરોડ થાય છે, જેમાં 98 કરોડની ટ્રાન્ઝેક્શન વેલ્યૂ ઉપરાંત 5.88 કરોડ રૂપિયાની સ્ટેમ્પ ડ્યૂટી સામેલ છે. "કન્વેયન્સ ડીડ" ડોક્યુમેન્ટ સૂચવે છે કે આર્કેડને કબજો સોંપવામાં આવ્યો છે અને વેચાણકર્તા/ઓ દ્વારા સમગ્ર રકમ પ્રાપ્ત કરવામાં આવી છે. આર્કેડ આ વર્ષે ફેબ્રુઆરી મહિનામાં મુલુંડ વેસ્ટમાં જમીન હસ્તગત કરી હતી. આ જમીન સંપાદન ઉપરાંત આર્કેડને રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ માટે 4 સોસાયટીઓના લેટર ઓફ ઈન્ટેન્ટ પ્રાપ્ત થયા છે તથા મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં 1 પ્રોજેક્ટમાં પસંદગીના ડેવલપર તરીકે તેની પુષ્ટિ કરવામાં આવી છે. આર્કેડ હાલમાં 5 ચાલુ પ્રોજેક્ટ્સને ડેવલપ કરી રહી છે જેમાં 1.8 મિલિયન ચોરસ ફૂટનો ડેવલપેબલ એરિયા છે. તેના 4 પ્રોજેક્ટ્સ 31 ડિસેમ્બર, 2025 સુધીમાં પૂરા થવાની શક્યતા છે અને બાકીનો એક પ્રોજેક્ટ 30 જૂન, 2027 સુધીમાં (રેરા ફાઈલિંગ મુજબ) પૂર્ણ થવાની અપેક્ષા છે. આર્કેડ વિલે પારલે ઈસ્ટ અને મલાડ વેસ્ટમાં પણ 0.4 મિલિયન ચોરસ ફૂટના ડેવલપેબલ એરિયા સાથે 2 આગામી પ્રોજેક્ટ શરૂ કરવાની યોજના બનાવી રહી છે. આર્કેડના સીએમડી શ્રી અમિત જૈને જણાવ્યું કે, "અમે MMRના ઈસ્ટર્ન રિજયનમાં એક્સક્લુઝિવ મિક્સ્ડ યુઝ પ્રોજેક્ટને લોન્ચ કરવા આતુર છીએ જેમાં 2 અને 3 BHK ઓફર કરવામાં આવશે. આ એક્વિઝિશન MMRના ઈસ્ટર્ન રિજયનમાં પ્રોજેક્ટ હસ્તગત કરવાની અમારી સ્ટ્રેટેજી સાથે સુસંગત છે."

# અરવલ્લી આઇ.સી.ડી.એસ વિભાગ અંતર્ગત મોડાસામાં આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા પોષણ અભિયાન હેઠળ જાગૃતિ રેલી યોજાઇ

ધનસુરા. તા.27

અરવલ્લી જિલ્લા ના મોડાસા ખાતે આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા પોષણ અભિયાન હેઠળ જાગૃતિરેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં મહિલાઓ અને બાળકો અને કિશોરીઓમાં કુપોષણ, લોહી-ની ઉણપ અને જન્મ સમયે ઓછું વજન ધરાવતા શિશુઓની સંખ્યામાં ઘટાડો થાય તે માટે આવા પરિવારની ગર્ભવતી બહેનો તથા ધાત્રી માતાઓની વિશેષ કાળજી રખાય અને તેઓને પોષણ અભિયાન હેઠળ સ્વાસ્થ્ય આહાર મળી રહે તે માટે બાળકના પ્રથમ ૧,૦૦૦ દિવસ, એનીમિયા, ઝાડા નિયંત્રણ, હેન્ડ વોશ અને સેનિટેશન તથા પૌષ્ટિક આહાર સહિતના તમામ ઘટકોને કેન્દ્રમાં રાખી સપ્ટેમ્બર માસની રાષ્ટ્રીય પોષણ માહ તરીકે ઉજવણી કરવામાં આવનાર છે.જેના ભાગરૂપે આજે અરવલ્લી જિલ્લામાં મોટી સંખ્યામાં આંગણવાડી બહેનો સાથે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. અરવલ્લી જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ દ્વારાનું પ્રશસ્થાન કરાવ્યું હતું.

## કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલની રજૂઆતો ધ્યાને લઇ

# સરકાર દ્વારા સૌની યોજનાના માધ્યમથી જામનગર જિલ્લાના જળાશયોમાં નવી જળ રાશીની આવક શરૂ કરાઇ

વિશાલ જે હરવરા : જામનગર.

સરદાર સરોવર ડેમમાંથી દરીયામાં વહી જતાં નર્મદાનાં નીરને જામનગર જિલ્લામાં સૌની યોજનાના માધ્યમથી પાણી મળી રહે તે માટે કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલે રાજ્યના નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગના મંત્રી કુંવરજીભાઈ બાવળીયાને વિશેષરૂપે કરેલ ભલામણનો સ્વીકાર કરી કુંવરજીભાઈ બાવાળીયાએ જામનગર જિલ્લાના વિવિધ ડેમો તથા ચેકડેમોમાં પૂરતા પ્રમાણમાં જળ પુરવઠો ઠાલવવાની મંજૂરી આપતાં જિલ્લાના જળાશયોને મહત્તમ જળ રાશી પ્રાપ્ત થઈ રહી છે. જેના કારણે સૌની યોજનાની લિંક-૧ મારફત મચ્છુ-૨ ડેમથી પંપીંગ કરી આજી-૩ પંપીંગ સ્ટેશન, ઉંડ-૧ ડેમ ખાતેના પંપીંગ સ્ટેશન તથા પીપરટોડા પંપીંગ સ્ટેશન મારફત જામનગર જિલ્લાના પીવાના પાણીના મુખ્ય સ્ત્રોત સમાન સસોઈ ડેમમાં પાણી ઠાલવીને સસોઈ ડેમને ૧૦૦% પૂર્ણ સપાટીએ ભરવામાં આવેલ છે તથા સમગ્ર જામનગર જિલ્લામાં સૌની યોજનાની લિંક-૧, પેકેજ-૩ મારફત જોડાયેલા વિવિધ ગામોના ચેકડેમો જેવા કે લૈયારા, સણોસરા, ગઢડા, જાબીડા, હડમતીયા, સુમરા, પીપરટોડાના ૧૭ જેટલા ચેકડેમો તથા લિંક-૧ ના પેકેજ-૪ મારફત ચંદ્રગઢ, ઢાંઢા, મકવાણા, લાવડીયાના કુલ ૧૫ ચેકડેમો તથા લિંક-૧ ના પેકેજ-૫ મારફત આરીખાણા, હરીપર, પીપળી તથા રંગમતી ડેમની ઉપરવાસના કુલ ૧૧ ચેકડેમોને નર્મદાનાં નીરથી છલકાવવામાં આવેલ છે. સૌની યોજનાની લિંક-૩ મારફત કાલાવડ તાલુકાના ઉંડ-૪ અને ઉંડ-૩ ડેમ ભરવાની શરૂઆત કરેલ છે તથા વિવિધ ગામો જેવા કે સરવાણીયા, જાલણસર, અરલા, છતર, આણંદપર, ચારણ પીપળીયા, પીપર, કોઠા-ભાડુકીયાના કુલ ૨૯ ચેકડેમો અને તળાવો ભરવામાં આવેલ છે.

**IndoStar Home Finance Private Limited**
Regd. Office: - Unit No. 305, 3rd Floor, Wing 2/E, Corporate Avenue, Andheri- Ghatkopar Link Road, Chakala, Andheri (East), Mumbai – 400093
CIN : U65990MH2016PTC271587 Tel: +91 22 45107701
Email: connect@indostarhfc.com; Website: www.indostarhfc.com

**નોટિસ**

માસ્ટર ડિરેક્શન-નોનબેંકિંગ ફાઈનાન્શિયલ કંપની-હાઉસિંગ ફાઈનાન્સ કંપની (રિઝર્વ બેન્ક) નિર્દેશ 2021 ના કલમ 93ની શરતોમાં આથી સૂચના આપવામાં આવી છે કે, કંપનીની શાખા ઓફિસ ગુરૂબંધુ, 1લા માળે, કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલ સામે, કોટેચા નગર, મેઈન રોડ, કાલાવાડ રોડ, ભક્તિ નગર, રાજકોટ - 360002 સ્થિત છે, તે 26-12-2023 ના કામકાજના સમયની સમાપ્તિની અસરથી બંધ રહેશે કારણ કે વ્યવસ્થાપન ને 4 થો માળ, ઓફિસ નં 411, આર કે વર્લ્ડ ટાવર, 150 ફુટ રીંગ રોડ, શીતલ પાર્ક, શાસ્ત્રી નગર, ધર્મ નગર, રાજકોટ, ગુજરાત 360006 જે GSTNo:-24AAECI0095E1ZX પર સ્થિત નજીકની શાખા કચેરીમાં ખસેડવામાં આવી રહી છે. જો કોઈ સહાયની જરૂર હોય, તો તમે ઉપર જણાવ્યા મુજબ નજીકની શાખા કચેરીનો સંપર્ક કરી શકે છે અથવા contact@indostarhfc.com પર ઈમેઈલ મોકલી શકે છે.
આ નોટિસ કંપનીની વેબસાઈટ (www.indostarhfc.com) પર એક્સેસ કરી શકાય છે.

Sd/-
નિધી સદાની
કંપની સેક્રેટરી
ઈન્ડોસ્ટાર હોમ ફાઈનાન્સ પ્રાઈવેટ લિમિટેડ
વતી

તારીખ :- 27-09-2023

## દરેક તાલુકામાં તાલુકા કન્વીનરો સ્પર્ધકોને ભાગ લેવા માટે માર્ગદર્શન પૂરું પાડશે

# જામનગર જિલ્લામાં/ગ્રામ્ય વિસ્તારોમાં 'કલા મહાકુંભ-2023' માં ભાગ લેવા માટે આગામી તા.23 ઓક્ટોબર સુધી અરજી કરી શકાશે

વિશાલ જે હરવરા : જામનગર.

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર દ્વારા જિલ્લા વહીવટી તંત્ર જામનગરના માર્ગદર્શન હેઠળ જામનગર જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી દ્વારા આ વર્ષે 'કલા મહાકુંભ-2023' નું ગ્રામ્ય, તાલુકા અને જિલ્લા કક્ષાએ આયોજન કરાશે. જેમાં ગ્રામ્ય કક્ષાએથી ઓફલાઈન રજીસ્ટ્રેશન ફોર્મ ભરવાની છેલ્લી તા.23 ઓક્ટોબર છે. આ વર્ષે કલા મહાકુંભમાં કુલ ૩૭ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓની કેટેગરીનું આયોજન કરાયું છે. જેમાં, કુલ ચાર સબ કેટેગરીમાં ૬ થી ૧૪ વર્ષ, ૧૫ થી ૨૦ વર્ષ, ૨૧ થી ૫૯ વર્ષ અને ૬૦ વર્ષથી ઉપરના વયજૂથમાં સ્પર્ધા યોજાશે. જેમાં ઝોનકક્ષાએથી કુલ ૧૪ કૃતિઓની કેટેગરી છે. જેમાં સમૂહગીત, ગરબા, લોકનૃત્ય, રાસ, એકપાત્રીય અભિનય, ભરતનાટ્યમ, સુગમ સંગીત, લગ્નગીત, લોકગીત/ભજન, તબલા, હાર્મોનિયમ, વકતૃત્વ, ચિત્રકલા અને નિબંધ જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરાશે. શહેરકક્ષાએથી સ્કૂલબેન્ડ, લોકવાર્તા, દુહા-છંદ-ચોપાઈ, કથ્થક, કાવ્યલેખન, ગઝલ-શાયરી, સર્જનાત્મક કારીગરી, ઓરગન, શાસ્ત્રીય કંઠ્ય સંગીત (હિન્દુસ્તાની) જેવી વિવિધ સ્પર્ધાઓ યોજાશે. ભાગ લેવા માટે જામનગર જિલ્લાના તમામ તાલુકાઓમાંથી તમામ શાળાઓ, કોલેજો, વિવિધ સંસ્થાઓ, અત્યારે અભ્યાસ ચાલુ હોય કે જેમનો અભ્યાસ ના ચાલુ હોય, તેવા તમામ કલાકારોને પોતાનું અરજી પત્રક જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, જિલ્લા સેવા સદન-4, રૂમ નં.42, રાજપાર્ક પાસે, જામનગર ખાતેથી રૂબરૂ આવીને મેળવી લેવાનું રહેશે. ત્યારબાદ સ્પર્ધકોએ તેમના અરજી પત્રક સાથે સંપૂર્ણ વિગતો ભરીને જે-તે તાલુકાના કન્વીનરો ને પહોંચાડવાનું રહેશે. જે માટે, (૧) જામનગર તાલુકા કન્વીનર કેતનભાઈ વાળા, ધી પટેલ ઈન્ટરનેશનલ ગર્લ્સ સ્કૂલ, ધ્રાંગડા (મો.નં. ૯૭૨૫૯૨૨૭૪૭) (૨) જામજોધપુર તાલુકા કન્વીનર કેવિનભાઈ ફળદુ, વિજાપુરા વિદ્યા સંકુલ, સીદસર (મો.નં. ૯૪૨૬૧૪૧૮૮૪) (૩) કાલાવડ તાલુકા કન્વીનર રમેશ ઠોંગા, જે.પી.એસ.સ્કૂલ, તા.કાલાવડ (મો.નં. ૯૯૭૪૪૦૧૪૭૨) (૪) લાલપુર તાલુકા કન્વીનર ધીરજભાઈ પરમાર, સણોસરી માધ્યમિક શાળા, તા.લાલપુર (મો.નં. ૯૪૨૬૧૩૮૦૧૦) (૫) ધ્રોલ તાલુકા કન્વીનર અંકિતભાઈ જીવાણી, આર્યવ્રત સ્કૂલ, તા.ધ્રોલ (મો.નં. ૯૦૯૯૭૫૫૦૫૩) અને (૬) જોડીયા તાલુકા કન્વીનર જગદીશભાઈ વિરમગામા, સાંઈ માધ્યમિક શાળા, તા.જોડિયા (મો.નં. ૯૯૭૯૩૯૯૦૬૨) પાસે જમા કરવાના રહેશે.

# વિરમગામના મેલજ ખાતે બાગાયતી પાકોમાં પ્રાકૃતિક ખેતી વિષયક પાક પરિસંવાદ યોજાયો

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

બાગાયત વિભાગ, ખેતીવાડી વિભાગ અને આત્મા વિભાગ અમદાવાદના સંયુક્ત ઉપક્રમે વિરમગામ તાલુકાના મેલજ ખાતે બાગાયતી પાકોમાં પ્રાકૃતિક ખેતી વિષયક પાક પરિસંવાદ યોજાયો. આ પરિસંવાદમાં વડોદરા વિભાગના સંયુક્ત બાગાયત નિયામક ડો.જે.એમ. તુવાર દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો દ્વારા પોતાના અનુભવો અને વિવિધ આયામો વિશે પ્રત્યક્ષ નિદર્શન થકી તેમને માહિતગાર કરવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમમાં વિરમગામ તાલુકા પંચાયતના પ્રમુખ જનકભાઈ પટેલ ઉપરાંત જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમમાં આસપાસના ગામોના ૨૫૦ જેટલા ખેડૂતો સહભાગી થયા હતા.

**એનએચપીસી લિમિટેડ**
(ભારત સરકારનું ઉપક્રમ)
NHPC
રજિસ્ટર્ડ ઓફિસ :- એનએચપીસી ઓફિસ કોમ્પ્લેક્સ, સેક્ટર 33, ફરીદાબાદ 121003 (હરિયાણા)
CIN :- L40101HR1975GOI032564

**NHPC સાથે આકર્ષક પડકારોને સ્વીકારવા બોર્ડ આગળ પર આવો...**

NHPC ને કરારના આધારે 'સલાહકાર (સુરક્ષા)' તરીકે નિવૃત્ત અધિકારીની સેવાની જરૂર છે
Advertisement No. NHQRectt./02/2023

NHPC, એક પ્રીમિયર શેડ્યૂલ-A, 'મિની રત્ન' કંપની ભારત સરકારની 70.95% માલિકીની છે, તે ભારતની સૌથી મોટી હાઈડ્રોપાવર કંપની છે અને હાઈડ્રોપાવર પ્લાન્ટ્સના ડિઝાઈન બાંધકામ અને સંચાલનમાં અગ્રણી છે. NHPC એ અત્યાર સુધીમાં 22 હાઈડ્રો પ્રોજેક્ટ્સ, 01 પવન ઉર્જા પ્રોજેક્ટ અને 02 સૌર ઉર્જા પ્રોજેક્ટ શરૂ કર્યા છે જેની સ્થાપિત ક્ષમતા 7097.20MW છે, જેમાં સંયુક્ત સાહસમાં વિકસિત પ્રોજેક્ટનો સમાવેશ થાય છે.
NHPC ને ભારતીય સશસ્ત્ર દળો/કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો/કેન્દ્રીય પોલીસ સંગઠન/રાજ્ય પોલીસમાંથી નિવૃત્ત અધિકારીની સેવાઓની જરૂર છે જેફરીદાબાદ ખાતે મુખ્ય મથક સાથે એક વર્ષ સમયગાળા માટે કરારના ધોરણે 'સલાહકાર (સુરક્ષા)' ની પોસ્ટ માટે મહાનિર્દેશક અથવા સમકક્ષના સ્તરે અધિકારી છે.
સંપૂર્ણ વિગતો અને ઓનલાઈન નોંધણી માટે કૃપા કરીને NHPC વેબસાઈટ www.nhpcindia.com ના 'કારકિર્દી' વિભાગની મુલાકાત લો.

ઓનલાઈન નોંધણીની શરૂઆત:- 04-10-2023 (11:00 સવારે)
સબમિશનની છેલ્લી તારીખ:- 18-10-2023 (11:55 રાત્રે)

વેબસાઈટ: http://www.nhpcindia.com/career.htm.
અરજીનો માત્ર ઓનલાઈન મોડ સ્વીકારવામાં આવે છે.

# ખેલ મહાકુંભ 2023 માટે અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં અત્યાર સુધીમાં રેકોર્ડ બ્રેક 41,000 થી વધુ રજીસ્ટ્રેશન થઈ ગયું

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા રાજ્યમાં ૨૦૧૦માં શરૂ કરવામાં આવેલ ખેલ મહાકુંભમાં ચાલુ વર્ષ ૨૦૨૩માં ૧૨મું સંસ્કરણ રિલીઝ કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૧૦ થી ૨૦૨૩ વચ્ચેની સફર ખૂબ જ આનંદદાયી અને પ્રેરણાદાઈ રહેલ છે. ૨૦૧૦ માં માત્ર ૧૬ લાખ રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું અને છેલ્લા વર્ષમાં સંખ્યા વધીને ૫૫ લાખ જેટલી થઈ હતી. અમદાવાદ જિલ્લાના ડી.ઈ.ઓ અને અમદાવાદ ગ્રામ્ય ડી.પી.ઈઓનો ચાર્જ સંભાળતા રોહિત ચૌધરી દ્વારા આ વર્ષે અમદાવાદ ગ્રામ્યમાં એક અનોખુ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ખેલ મહાકુંભના ઓપનિંગની ૨૩તારીખથી શરૂ કરેલા રજીસ્ટ્રેશનનો આજે પાંચમો દિવસ છે. જેમાં અમદાવાદ ગ્રામ્ય સૌથી આગળ પ્રથમ નંબર પર છે. જેમાં ૪૧,૦૦૦ જેટલું રજીસ્ટ્રેશન કરીને અત્યાર સુધીમાં નવો ઈતિહાસ રચાયો છે.

All Birds Net Service
Nylon Net Long Time Life
કબુતર જાળી
ફિટીંગ સાથે ફ્રી સર્વિસ
વ્યાજબી ભાવ સાથે ૩ વર્ષની વોરંટી
Ritik Bird Net Company
Mithunbhai - 7897570432
Anilbhai - 7459844686
web: ritikbirdnet.com

## 120 લોકો રકતદાન કરી સેવાકીય પ્રવૃતિના સહભાગી બન્યા

# આયુષ્માન ભવ: કાર્યક્રમ અંતર્ગત ધ્રોલ, આલિયાબાડા અને ફલ્લા ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયા

વિશાલ જે હરવરા : જામનગર.

આયુષ્યમાન ભવ કાર્યક્રમ અંતર્ગત આયુષ્યમાન સભાના ભાગરૂપે જિલ્લા પંચાયત જામનગર, તાલુકા હેલ્થ ઓફિસ ધ્રોલ, સામુહિક આરોગ્ય કેન્દ્ર ધ્રોલ અને જી.જી. હોસ્પિટલ જામનગરના સહયોગથી ધ્રોલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ધ્રોલ તાલુકા હેલ્થ ઓફિસની ટીમ, સામૂહિક આરોગ્ય કેન્દ્રનો સ્ટાફ અને ગ્રામજનો થઈ કુલ 18 લોકોએ રક્તદાન કર્યું હતું. તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અલીયાબાળા, અલીયા યુવા મિત્ર મંડળ અને જી.જી.હોસ્પિટલ જામનગરના સહયોગથી અલીયાબાળા સ્મૃતિ ભવન ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં તાલુકા હેલ્થ ઓફિસની આરોગ્યની ટીમ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો સ્ટાફ અને અલીયા યુવા મિત્ર મંડળ તેમજ ગ્રામજનો થઈ કુલ 74 લોકોએ રક્તદાન કર્યું હતું. ફલ્લા ખાતે યોજાયેલ રક્તદાન શિબિરમાં તાલુકા હેલ્થ ઓફિસની ટીમ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો સ્ટાફ અને ગ્રામજનો થઈ કુલ 28 લોકોએ રક્તદાન કર્યું હતું.

જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એચ.એચ.ભાયા, તાલુકા હેલ્થ ઓફિસરો ડો.ફોજે, ડો.જિગ્નેશ પટેલના માર્ગદર્શન અને જીજી હોસ્પિટલના સહયોગથી યોજાયેલા રક્તદાન કેમ્પમાં જિલ્લા પંચાયતના સદસ્ય કમલેશભાઈ ધમસાણીયા, નંદલાલભાઈ ભેસદડીયા, તાલુકા ભાજપ પ્રમુખ નવલભાઈ મુંગરા , તાલુકા ભાજપ મહામંત્રી પ્રદિપસિંહ જાડેજા, ધ્રોલ તાલુકા પંચાયતના ઉપપ્રમુખ રાજેશ્વરીબા બી. જાડેજા, ફલ્લા ગ્રામ પંચાયતના સરપંચ લલિતાબેન ધમસાણીયા, એમ.પી. શાહ મેડિકલ કોલેજના ડીન ડો. નંદની દેસાઈ, જીજી હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડો.દીપક તિવારી, તાલુકા હેલ્થ ઓફિસની ટીમો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો સ્ટાફ અને બહોળી સંખ્યામાં ગ્રામજનોએ ઉપસ્થિત રહીને કેમ્પને સફળ બનાવ્યો હતો.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654